ફોજદારી કેસ નં-56109/2021

## –:: આંક–૧ ચાર્જશીટ નીચે હુકમ ::–

(૧) ચાર્જશીટ તેમજ રેકર્ડ વંચાણે લીધુ, ત.ક. અમલદારે આરોપી વિરૂધ્ધ ઈ.પી.કોડ ની કલમ–૧૮૮ અને ૧૧૪ના ગુના સબબ ચાર્જશીટ કરેલ છે. ચાર્જશીટ ફોજદારી રજીસ્ટરે દાખલ કરવામા આવેલ પરંતુ આરોપીને સમન્સ કાઢવામા આવેલ નથી.

(૨) ઈ.પી.કોડની કલમ–૧૮૮ બાબતે ચર્ચા કરીએ તો ઈ.પી.કોડની કલમ–૧૮૮ નો ગુનો ક્રીમીનલ પ્રોસીજર કોડ–૧૯૭૩ ના પ્રથમ શીડયુલ મુજબ કોન્ગીઝેબલ ગુન્હો છે પરતું ક્રીમી. પ્રોસી. કોડની કલમ–૧૯૫ વંચાણે લેતા તેમાં ઈ.પી.કોડની કલમ–૧૭૨ થી કલમ–૧૮૮ના ગુનાઓમા સંબંધીત રાજય સેવક / અધીકારી કે વહીવટ હેતુઓ માટે તેઓની નીચેના રાજય સેવક દવારા લેખીત ફરીયાદ દાખલ કરવામાં ન આવે ત્યાં સુધી કોર્ટે આ ગુનાઓનુ સંજ્ઞાન લઈ શકે નહી તેવી જોગવાઈ કરવામાં આવેલ છે, હાલની ફરીયાદ પોલીસ સ્ટેશનમાં આપવામાં આવેલ છે, પરંતુ હાલના કેસમાં ક્રીમી. પ્રોસીજર કોડની કલમ–૧૯૫ વંચાણે લેતા જે તે કચેરીના મુખ્ય અધીકારી કે તેઓના નીચેના વહીવટી અધીકારી ધ્વારા કોર્ટમાં લેખીત ફરીયાદ દાખલ કરવામા આવેલ નથી. ચાર્જશીટ સાથે રજુ કરવામાં આવેલ જાહેરનામામાં ફરીયાદ કરવાની સતા પોલીસ અધિક્ષકશ્રીના દરજજાથી હેડ કોન્સ્ટેબલ સુધીનો હોદો ધરાવતા તમામ અધિકારીઓને આપવામાં આવેલ હોવાનો ઉલ્લેખ કરવામાં આવેલ છે અને તે મુજબ પો.સ્ટે.ના હેડ કોન્સ્ટેબલ / એ એસ આઈ દવારા હાલની ફરીયાદ પોલીસ સ્ટેશનમાં પી.એસ.ઓ. રૂબરૂ આપવામાં આવેલ છે પરતું ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૯૫ મુજબની અદાલતમાં ખાનગી ફરીયાદ કરવામાં આવેલ નથી, આવી ફરીયાદ પોલીસ સ્ટેશનમાં આપવા બાબતે નામદાર સુપ્રીમ કોર્ટ દવારા દોલતરામ વિ સ્ટેટ ઓફ પંજાબ, એ.આઈ.આર ૧૯૬૨ એસ.સી પેજ નં–૧૨૦૬ માં ઠરાવેલ છે કે મેજીસ્ટ્રેટ ધ્વારા પોલીસ રીપોર્ટ ઉપર લેવામા આવેલ સંજ્ઞાનમા આરોપી તકસીરવાન ઠરાવવામા આવેલ હોય અને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૯૫ નો બાધ લાગુ પડતો હોય તો આવી સજા મેજીસ્ટ્રેટની હકુમત વિના ગણાય અને કાર્યવાહી પ્રથમથી રદ (Void–ab initio) ગણાય, તેવી જ રીતે નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા રામજી ભીખા કોલી વિ.સ્ટેટ ઓફ ગુજરાત ૧૯૯૯ સી.આર.એલ.જે ૧૨૪૪ તેમજ અરૂધંતી ભટાચાર્ય વિ. સ્ટેટ ઓફ ગુજરાત ફો.પ.અરજી નંબર–૧૨૮૧૮/૨૦૧૪ ના ચુકાદામા ઠરાવેલ છે કે, ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૯૫ માં જણાવેલ ગુનાઓમાં લેખીત ખાનગી ફરીયાદ કરવી ફરજીયાત છે. આમ ક્રિમી. પ્રોસી. કોડની કલમ–૧૯૫ તથા ઉપરોકત ચુકાદા મુજબ ઈ.પી.કોડની કલમ–૧૮૮ મુજબના ગુનામાં પોલીસ ચાર્જશીટ ફાઈલ કરી શકે નહી તેમજ આવા ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૭૩ મુજબનો રીપોર્ટ(ચાર્જશીટ)ને અદાલત ખાનગી ફરીયાદ તરીકે પણ ધ્યાને લઈ શકે નહી, તેવા સંજોગોમાં પોલીસ દવારા ઈ.પી.કોડની કલમ–૧૮૮ મુજબના ગુન્હામાં ખાનગી ફરીયાદ અદાલતમાં નહી કરી, પોલીસ સ્ ટેશનમાં આપેલ ફરીયાદના આધારે તપાસ કરી, ચાર્જશીટ કરેલ છે તે ગેરકાયદેસર ગણાય અને કોઈ પણ કારણોસર કાયદા મુજબની ગણી શકાય નહી અને તેવા સંજોગોમાં આરોપી સામે ઈ.પી.કોડની કલમ–૧ ૮૮ મુજબના ગુન્હામાં ચાર્જશીટના આધારે કોગ્નીઝન્સ લઈ શકાય નહી કે કેસની કાર્યવાહી આગળ ચલાવી શકાય નહી.

(૩) આમ ઉપરોકત ચર્ચા મુજબ હાલના કામે કાયદાનો બાધ નડે છે. જે બાધ તેની સાથેના તમામ ગુનાને નડે તેમ છે. જેથી ઇ.પી.કોડની ક.૨૬૯ ના ગુનાનુ પણ કોગ્નીઝન્સ લઈ શકાય નહી

કારણ કે આરોપીના એક જ કાર્યથી અલગ અલગ ગુનાઓ બનેલ છે. જયારે એક જ કાર્યથી એક કરતા વધુ અલગ અલગ ગુનાઓ બનતા હોય ત્યારે તે ગુનાઓ છુટ્ટા પાડી શકાય નહી અને એક ગુનાને કાયદાનો બાધ નડતો હોય ત્યારે તેની અસર તમામ ગુનાઓને લાગુ પડે તેમ છે. એક જ કાર્યથી થતા વિવિધ ગુનાઓ પૈકી કોઇ પણ ગુનાને ક્રીમી. પ્રોસી. કોડની ક.૧૯૫નો બાધ નડતો હોય તો તે ગુનાઓ અલગ કરી શકાય નહી અને એક જ વ્યવહાર થકી ઉત્પન્ને થયેલ તમામ ગુનાને કાયદાનો બાધ નડતો હોય તો પણ કોર્ટ કોગ્નીઝન્સ લઇ શકે નહી. જે સીધ્ધાંતો બાબતના ચુકાદા નીચે મુજબ છે.

PARSHOTTAMBHAI ODHAVJIBHAI SOLANKI Vs STATE OF GUJARAT & 1 other(s) R/CRIMINAL MISC.APPLICATION NO. 31264 of 2016 Date : 04/11/2020,

HET NILKANTH SHELAT Vs STATE OF GUJARAT & 1 other(s) R/CRIMINAL MISC.APPLICATION NO. 15270 of 2020 Date : 06/11/2020,

Goverdhankumar Thakordas Asrani v. State of Gujarat 2018(1) G.L.H. 63,

CRIMINAL APPLICATION (APL) NO. 453 OF 2020 DATED :- 21.09.2020,

Durgacharan Naik Vs. State of Orissa AIR 1966 SC 1775,

BasirUlHaq Vs. State of W.B. AIR 1953 SC 293,

Oduvil Devaki Amma Vs. State of Kerala 1982 Cri LJ (NOC)II (Ker),

Ashok Vs. State, 1987 Cri LJ 1750 (Bom),

N.H. Nanjegowda Vs. State of Karnataka, 1988 Cri LJ 807 (Kant)

(૪) આમ ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લેતા આ કામના આરોપી સામે ઈ.પી.કોડની કલમ-૨૬૯ અને ૧૧૪ ના ગુનાની ચાર્જશીટ થયેથી કોર્ટ કોગ્નીઝન્સ લઈ શકે નહી અને જો કોર્ટ કોગ્નીઝન્સ લઈને કેસ ચલાવી આરોપીને કસુરવાન કે નીર્દોષ ઠરાવે તે કાયદા મુજબ યોગ્ય નથી. કાયદામા કોગ્નીઝન્સ લેવા ઉપર સ્પષ્ટ બાધ હોય જેથી એપીપીશ્રીને સાંભળેલ નથી. આમ આરોપીનો કેસ ચલાવી શકાય નહી જેથી ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે

**-:: હુ ક મ ::-**

- હાલના કેસના ગુણદોષમાં ઉતર્યા વગર હાલના કેસની કાર્યવાહી ક્રીમી. પ્રોસી. કોડની ક.૨૫૮ હેઠળ સ્થગીત કરી આરોપીને બીનતહોમત છોડી ફેંસલ કરવામાં આવે છે.
- સરકારશ્રીને / પોલીસ ખાતાને હાલની ફરીયાદ બાબતે યોગ્ય તે કાયદેસરની કાર્યવાહી કરી ખાનગી ફરીયાદ કરવા માટે સદર હુકમથી કોઇ બાધ આવશે નહી.
- સદર કામે કોઇ કીંમતી મુદામાલ કબજે કરવામા આવેલ હોય અને તે બાબતે કોઇ વચગાળાનો હુકમ થયો હોય તો તે કાયમ કરવામા આવે છે. મુદામાલ બાબતે કોઇ હુકમ થયેલ ન હોય તો મુદામાલના માલીકની તપાસ કરી મુદામાલ તેના માલીકને સોંપવાનો હુકમ કરવામા આવે છે.

તારીખ: ૧૨/૦૩/૨૦૨૨
સ્થળ: રાજકોટ.

એન આર વધવાણી
જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ. ક.
મ્યુનીસીપલ કોર્ટ, રાજકોટ.
જજ કોડ જીજે૦૧૩૬૮